### ઉત્તર ગુજરાતના ૧૬,૦૦૦ પ્રાથમિક શિક્ષકોનો ટંકાર

# જૂની પેન્શન યોજના શરૂ નહિ થાય તો ગાંધીનગરથી દિલ્હી સુધી કાર્યક્રમો યોજવાની તૈયારી

**વારંવાર પ્રા.શિક્ષકોની માંગણીઓ ઠેબે ચડતાં હવે આરપારનો જંગ લડવા ગુરૂદેવો મક્કમ : શિક્ષકોનો રોષ સરકારને ભારે પડે તેવી સંભાવના વધુ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૧૬,૦૦૦ પ્રાથમિક શિક્ષકો તેમના સંઘ મારફતે જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવાની માંગ સાથે જિલ્લા મથકે ધરણા યોજી આવેદનપત્ર આપવાની શરૂઆત થઈ છે. આ વખતે અન્યાયથી પીડિત શિક્ષકોનો મિજાજ અલગ છે અને જૂની પેન્શન યોજના શરૂ નહિ થાય તો ગાંધીનગરથી દિલ્હી સુધી કાર્યક્રમો યોજવાની તૈયારી હોવાનું જાણવા મળ્યું છે. વારંવાર પ્રા.શિક્ષકોની અનેક પડતર માંગ ઠેબે ચઢતાં હવે આરપારનો જંગ લડવા ગુરૂદેવો મક્કમ બન્યાંનું જણાઈ રહ્યું છે.




રાજ્યના બંને શિક્ષક સંઘોનું સમર્થન હોવાથી હવે અન્યાયનો અંત આવશે તેવી આશા શિક્ષકો સેવી રહ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર શિક્ષકોની અનેક પડતર માંગણીઓ નજર અંદાજ થતી આવી છે. રાજ્યના સૌથી મોટા સંગઠનમાં પ્રાથમિક શિક્ષક સંઘની ગણના થાય છે અને શિક્ષકોના સંગઠનને તોડવા માટે સરકાર દ્વારા અનેક મેલી મુરાદના ખેલ વર્ષોથી ખેલાતાં આવ્યા છે પરંતુ સંયમી અને સહનશીલ શિક્ષકોએ પોતિકા સંગઠનને ઉણી આંચ આવવા દીધી નથી. શિક્ષકોને ગ્રેડ પે, બદલી, ઉચ્ચતર પગાર ધોરણના લાભ વગેરેમાં ન્યાય મેળવવા ઝઝમવું પડતું હોય છે. જ્યારે નવી પેન્શન યોજના શિક્ષકોને મંજુર નથી જેથી જૂની પેન્શન યોજના શરૂ કરવા શિક્ષકોએ લાંબા સમયથી સરકાર સમક્ષ માંગ કર્યા છતાં માત્ર ઠાલા આશ્વાસન મળ્યા સિવાય કશું મળ્યું નથી. પરંતુ હવે શિક્ષકો પોતાના હક માટે એકતા સાથે મેદાનમાં આવ્યા છે. ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લાના પ્રા.શિક્ષકોએ સંગોના આદેશ પ્રમાણે જિલ્લા મથકોએ ધરણા યોજી આવેદનપત્ર આપવાની સાથે જૂની પેન્શન યોજના અમલ કરવા માંગ કરી છે. આ મુદ્દે યોગ્ય ઉકેલ નહિ આવે તો પ્રા.શિક્ષકો ગાંધીનગર અને જરૂર પડે તો દિલ્હીના દરબારમાં જઈ કાર્યક્રમો યોજવાની ચિમકી આપ્યાનું જાણવા મળ્યું છે.

# અડપોદરા એજ્યુકેશન સોસાયટી સંચાલિત એન.ડી.શાહ હાઈસ્કુલનો સુવર્ણજયંતી મહોત્સવ ઉજવાયો




ગાંભોઈ તા.૨૮

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે શેઠશ્રી નગીનદાસ ડુંગરસિંહ શાહ હાઈસ્કુલનો સુવર્ણજયંતિ મહોત્સવ સંસ્થાના દાતાશ્રીઓ, હાઈસ્કૂલના તેજસ્વી તારલાઓનું સન્માન તેમજ સુવર્ણજયંતિ વિશેષાંક 'જ્ઞાન જ્યોત' નું વિમોચન સહિત ત્રિવેણી સંગમ સમો સમારંભ હિંમતનગર તાલુકાના ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહજી ચાવડાના અધ્યક્ષ સ્થાને રવિવારના રોજ યોજવામાં આવ્યો હતો.

સંસ્થાના મુખ્ય દાતા શેઠશ્રી બાબુલાલ શાહના હસ્તે આ સમારોહનું ઉદ્‌ઘાટન કર્યા બાદ સંસ્થાનો સુવર્ણ જયંતિ વિશેષાંક 'જ્ઞાન જ્યોત' નું વિમોચન જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસે કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી હરખચંદ શાહે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. સમારંભના મુખ્ય મહેમાન પદે સાબરકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી મહેન્દ્રસિંહજી રહેવર, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધીરજભાઈ પટેલ તેમજ અતિથિ પદે તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિનોદભાઈ પટેલ, જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન રમીલાબેન પટેલ, જિલ્લા સદસ્ય ધીરેન અસારી, આચાર્ય સંઘ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી સંસ્થાની કામગીરીને બિરદાવી હતી તેમજ સંસ્થાની પ્રગતિમાં હાઈસ્કૂલના આચાર્યશ્રીની છેલ્લા બે વર્ષની પ્રશંસનીય કામગીરીનો સિંહફાળો હોવાનું જણાવી અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના દાતાશ્રીઓ, તેજસ્વી વિદ્યાર્થીઓ, નિવૃત્ત શિક્ષકો અને કર્મચારીઓનું અગ્રણીઓના હસ્તે સન્માનિત કરાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા મહોત્સવ કન્વીનર કીર્તિકુમાર શાહ, સંસ્થાના ઉપપ્રમુખશ્રી વિનોદચંદ્ર પંડ્યા તથા કનુભાઈ પટેલ, મંત્રીશ્રી ભાનુભાઈ પટેલ તથા વસંતભાઈ નાયક તેમજ હાઈસ્કૂલના આચાર્યશ્રી સંજયભાઈ પટેલ અને શાળા પરિવારે ભારે જહેમત ઊઠાવી હતી. મહોત્સવ દરમિયાન સ્થાનિક ગ્રામજનો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રવીણભાઈ સુથાર અને પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટ કર્યું હતું.

# ધનસુરા તાલુકા ભાજપ મંડલ કક્ષાનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો

**૨ દિવસ દરમ્યાન કાર્યકરોને તાલિમબદ્ધ કરાયા**




આકરૂન્દ તા.૨૮

ધનસુરા તાલુકા ભાજપ મંડલ કક્ષાનો પ્રશિક્ષણ વર્ગ વજેપુરાકંપાના કુંવરમા આશ્રમ ખાતે યોજાઈ ગયો. પ્રથમ અને બીજા દિવસના કુલ ૬ સત્ર દરમ્યાન વકતાઓ દ્વારા ભાજપ કાર્યકરોનો જનસંઘથી ભાજપ સ્થાપના ઈતિહાસની જાણકારી આપવામાં આવી હતી. ભાજપના કેન્દ્ર સ્થાને સત્તા નહિ પરંતુ લોકોની સેવા કરવાનો ઉદ્દેશ હોવાનું વકતાઓએ જણાવ્યું હતું.



ધનસુરા તાલુકા ની વડાગામ ગ્રામ પંચાયતમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ દ્વારા ઈ-શ્રમ કાર્ડ કાઢવા માટે કેમ્પ યોજાયો હતો તેમાં મોટી સંખ્યામાં લોકો એ લાભ લીધો હતો અને તેમને કાર્ડ આપવામા આવેલ હતા.

# પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે ત્રણ દિવસીય વોલીબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ

**■ રાજ્યની બીજી વોલીબોલ ટુર્નામેન્ટ પ્રાંતિજ ખાતે યોજાશે : ૩૨ કોલેજના વિધાર્થીઓએ ટુર્નામેન્ટમા ભાગ : વોલીબોલ ટુર્નામેન્ટનુ ત્રણ દિવસ યોજાશે ■**




પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે રાજ્ય કક્ષા ની બીજી વોલીબોલ ચેમ્પિયન શીપ નો પ્રારંભ ટુર્નામેન્ટ ત્રણ દિવસ યોજાશે. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે રાજ્ય કક્ષા ની ત્રણ દિવસીય વોલીબોલ ચેમ્પિયન શીપ ટુર્નામેન્ટ નો પ્રારંભ થયો હતો તો રાજ્ય કક્ષા ની બીજી વોલીબોલ ટુર્નામેન્ટ પ્રાંતિજ ખાતે યોજાઇ રહી છે જેમા ૩૨ નર્સિંગ કોલેજ ના વિધાર્થીની ટીમોએ આ વોલીબોલ ટુર્નામેન્ટ મા ભાગ લીધો છે તો આ ટુર્નામેન્ટનુ આયોજન પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ના ડાયરેક્ટર ડાૅ.નૃપાશ ભાઈ પટેલ દ્વારા કરવામા આવ્યુ છે તો આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સિલ ઉપપ્રમુખ આઈ.એચ.કડીવાલા , ગુજરાત નર્સિંગ કોલેજ ના રજીસ્ટ્રાર ડાૅ. પ્રજ્ઞાબેન ડાભી , ચિત્રિણી નર્સિંગ કોલેજ ના ટ્રસ્ટી એ.કે.પટેલ, ચિત્રિણી નર્સિંગ કોલેજના ડાયરેક્ટર ડાૅ.નૃપાશ ભાઈ પટેલ, પ્રિન્સીપાલ નરેન્દ્રભાઈ સહિત કોલેજ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ભિલોડાના ધારાસભ્ય ડો. અનિલભાઈ જોષીયારાના ફંડમાંથી ICU એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ કરાયું

ભિલોડા,તા.૨૮

કોંગ્રેસના સ્થાપના દિન



નિમિત્તે અરવલ્લી જીલ્લાના સુવિધા સભર આસીયુ ભિલોડા તાલુકા મથક ખાતે કોટેજ હોસ્પિટલમાં અધતન એમ્બ્યુલન્સ વાન નું લોકાર્પણ ડો.અનિલભાઈ જોષીયારાના વરદ્ હસ્તે કરાયું હતું.પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી છે.કોટેજ હોસ્પિટલમા આસીયુ એમ્બ્યુલન્સ વાન ધારાસભ્ય ડૉ. અનિલભાઈ જોષીયારા દ્વારા અર્પણ કરાઈ છે.ભિલોડા-મેધરજ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ફંડમાંથી અંદાજીત ૩૦ લાખની માતબર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. આસીયુ એમ્બ્યુલન્સ વાન ફાળવતા અનેક દર્દીઓને જીવનદાન મળશે તેમ જણાવ્યું હતું.ભિલોડા તાલુકાના અંતરિયાળ ડુંગરાળ ગ્રામીણ વિસ્તારોમાં વસતા પ્રજાજનો માટે આસીયુ એમ્બ્યુલન્સ વાન આશીર્વાદ રૂપ બનશે તેમ જણાવ્યું હતું. કોટેજ હોસ્પિટલ અધિક્ષક ડો. હિનાબેન શાહ, અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ રાજેન્દ્રભાઈ પારધી, પુર્વ જીલ્લા પંચાયત સદસ્ય શુભેન્દ્રસિંહ સિસોદિયા, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મુકેશભાઈ ત્રિવેદી, વનરાજસિંહ રાઠોડ, કેવલભાઈ જોષીયારા, બલભદ્રસિંહ ચંપાવત, અનિલભાઈ હડુલા, જયેશભાઈ ઠાકોર, કાલીચરણ હોથા, મુકેશભાઈ મહેતા, ડુંગરસિંહ રાઠોડ સહિત સામાજીક આગેવાનો, હોદ્દેદારો,કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### સુરક્ષા મુદ્દે બેદરકારી ભારે પડી શકે

# ઉત્તર ગુજરાતમાં હજારો પરપ્રાંતિય મજૂરો પાસે ઓળખના કોઈ પુરાવા નથી

**■ ઔદ્યોગિક એકમોમાં ગુનેગારો આશ્રય લે તેવી ભીતી ■**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ઉત્તર ગુજરાતના ઔદ્યોગિક એકમોમાં કામ કરતા હજારો મજૂરો પાસે આજે પણ ઓળખના કોઈ પુરાવા ન હોવાના કારણે સુરક્ષા સામે ગંભીર સવાલ ઉઠી રહ્યા છે. પોલીસ અને એસ.ઓ.જી. તંત્ર દ્વારા ઔદ્યોગિક એકમોમાં રહેતા પરપ્રાંતિય ઈસમોના પુરાવા એકત્ર કરવાના કહેવાતા તાયફા વચ્ચે સુરક્ષામાં બેદરકારી ગમે ત્યારે ભારે પડી શકે છે. કેટલાક કિસ્સાઓમાં તો કોઈ દુર્ઘટનામાં કોઈ પરપ્રાંતિય મૃત્યુ પામે ત્યારે તેના સગા-સબંધીઓને જાણ કરવામાં પણ ઔદ્યોગિક એકમના જવાબદારો અને પોલીસને ખાસ્સી મહેનત કરવી પડતી હોય છે.

કોરોનાના કપરા કાળમાં ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદન અને અન્ય કામગીરી ઠપ્પ થઈ જતાં હજારોની સંખ્યામાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના શ્રમજીવીઓ વતનમાં રવાના થઈ ગયા. હવે સંક્રમણ ઘી પછી ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં નવા જોમ સાથે ઔદ્યોગિક એકમો ફરી ધમધમતા થયા જેમાં એકમોમાં અગાઉ કામ કરતા મજુરો સાથે અન્ય મજૂરો પણ રોજગારીની શોધમાં આવ્યા પછી કામે લાગ્યા છે પરંતુ હજારો પરપ્રાંતિય શ્રમજીવીઓ પાસે ઓળખના કોઈ પુરાવા ન હોવાની વિગતો બહાર આવી છે. ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભૂતકાળમાં અન્ય રાજ્યમાં ભાગેડુ જાહેર થયેલા ગુનેગારોએ આશ્રય લીધા પછી પોલીસની પકડમાં આવેલા છે ત્યાં હવે આધારપુરાવા વગર કામ કરતા પરપ્રાંતિય મજૂરોની તપાસ જરૂરી બની છે. પોલીસ અને એસ.ઓ.જી.ને હોટલોમાં સી.સી.ટીવી કેમેરા ચકાસવાથી માંડી ગેસ્ટહાઉસોમાં રજીસ્ટર યોગ્ય રીતે નિભાવાય છે કે કેમ..?? તેમાં વધુ રસ દેખાય છે જેથી આધાર ઓળખના પુરાવા વગર ઔદ્યોગિક એકમોમાં કામ કરતા પરપ્રાંતિય મજૂરોથી સુરક્ષા સામે મોટો પ્રશ્ન ઉભો થયો છે.

જ્યારે તંત્રની ઘોર નિષ્ક્રિયતાના કારણે ઔદ્યોગિક એકમો ગુનેગારો માટે છૂપાવવાનું આશ્રય સ્થાન બની રહે તેવી ભીતી વ્યક્ત થઈ છે.

# પ્રાંતિજ ખાતે બાર એસોસીએશનની વાર્ષિક બેઠક યોજાઈ...!!

**નવા પ્રમુખ તથા હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી : સર્વાનુમતે પ્રમુખ ઉપપ્રમુખ સહિત હોદ્દેદારો ની વરણી કરવામા આવી**


પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સિવિલ એન્ડ ક્રીમીનલ બાર એસોસીએશન ની વાર્ષિક સામાન્ય સભા મળી હતી જેમાં એસોસિએશન ના નવા પ્રમુખ સહિત હોદ્દેદારો ની સર્વાણુમત્તે નિમણુંક કરવામાં આવી હતી.

પ્રાંતિજ બાર એસોસીએશન ની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી જેમા પ્રમુખ તરીકે રશ્મિ કુમાર બી.પટેલ , ઉપપ્રમુખ નવીન ચંદ્ર એ.પટેલ, સેક્રેટરી લાલસિંહ એમ.મકવાણા , જો.સેક્રેટરી કિરીટ ભાઈ એ.રોહીત, ખજાનચી જગદીશભાઈ પી.પટેલ, લાયબ્રેરી સેક્રેટરી કમલેશ કુમાર કે .સોની સહિત ની ચાલુ સાલ માટે સર્વાણુમત્તે નિમણુંક કરવામાં આવતાં વકીલોમા ખુશીનો માહોલ જોવા મલ્યો હતો તો તમામે-તમામ હોદેદારો ની વરણી સર્વાનુમતે થઈ હતી.

## જન્મદિને વધામણી


ભાવેશ જશુભાઇ પટેલ
બાયડ (આકરુદ)


ભાર્ગવ પટેલ
બાયડ


જીતેન્દ્રભાઈ પટેલ
ચોરિવાડ તા.ઇડર


ચેતનભાઈ ધીરુભાઈ પટેલ
ગાંધીનગર, બાયડ


ભાર્ગવ ચૌધરી
બાયડ


રમણભાઈ કોદરભાઈ પટેલ
વસાદરા તા.બાયડ


જલ્પાબેન અલ્પેશભાઈ ઠાકર
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ, જીલ્લો અરવલ્લી

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન